| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૫/૦૭/૨૦૨૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૮૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૩૭૨ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૮૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૯૦/૨૦૨૩

**કાગડાપીઠઃ** જનકકુમાર સમરથમલ સંઘવી (ઉ.વ.૫૦)(રહે.શીતલકુંજ સોસાયટી, રામબાગ રોડ, સાબરમતી) એ તા.૦૪/૦૭/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૨/૨૦૨૧ થી તા.૨૨/૧૧/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી આશાપુરા ક્રિએશન" ના પ્રોપરાઇટર જીતેન્દ્ર કાનસિંધજી રાજપુરોહીત (રહે. દુકાન નં.જી/૩૦૭ ત્રીજો માળ, સીટી સેન્ટર-૧, ઈદગાહ સર્કલ પાસે) એ સારંગપુર ન્યુ ક્લોથ માર્કેટ દુકાન નં.૨૧૨ ખાતે જનકકુમાર સંઘવી તથા અન્ય કાપડના વેપારીઓની દુકાનો ખાતેથી તા.૧૨/૦૨/૨૦૨૦ થી તા.૦૮/૧૦/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન અલગ-અલગ બીલોથી શુટીંગ ફેબ્રિકસ કાપડનો માલ કુલ કિમત રૂપિયા ૨,૪૬,૪૪,૩૦૯/- ખરીદ કરી માલનુ પેમેન્ટ ૩૦ થી ૧૨૦ દિવસમાં ચુકવવાની ખાતરી આપી રૂપિયા ૧,૩૭,૧૭,૦૬૭/- ચુકવી બાકી નિકળતા રૂપિયા ૧,૦૯,૨૭,૨૪૨/- આજદીન સુધી નહી ચુકવી જનકકુમાર સંઘવી તથા અન્ય કાપડના વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** જીતેન્દ્રકુમાર ઉદયસિંહ ચૌધરી (ઉ.વ.૩૨) (રહે. કવેલરી એરપોટ સર્કલ પાસે સરદારનગર) એ તા.૦૪/૦૭/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૨૩ ના રોજ અજાણી વ્યક્તિએ જીતેન્દ્રકુમાર ચૌધરીના મોબાઈલ નંબર ઉપર ફોન કરી પોતાનુ નામ ચંચલ બતાવી DREAMA VIEW RESEARCH FIRM કંપની માંથી વાત કરતા હોવાની ઓળખ આપી શેર માર્કેટમાં ફયુચર ઓપ્શન કોલ પ્રોવાઈડ કરીએ છીએ તથા algo treding પણ કરતા હોવાનુ જણાવી "એલગો ટ્રેડિંગ માર્કેટમા રોકાણ કરવાથી વધુ નફો મળશે કોમ્પ્યુટર સોફટવેર દ્વારા ઓટોમેટીક અપ-ડાઉન પ્રોસેસ થાય છે જેમા ઓછામાં ઓછા રૂ.૨૫,૦૦૦/- થી સ્લોટ બુક થશે જેનો પ્રોસેસ સમય ૯ થી ૧૦ દિવસનો હોય છે" એવી લોભામણી લાલચ આપી જીતેન્દ્રકુમાર ચૌધરીને પ્રોસેસ કરાવી ઈન્ટરનેટના માધ્યમથી અલગ-અલગ બેંક ખાતામા રૂપિયા ૪,૩૧,૩૪૦/- ટ્રાન્સફર કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એમ.ડાભી ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૯૧/૨૦૨૩</u>**

**ગોમતીપુરઃ** હુઝૈફા સ/ઓ તમીમભાઇ રુપાવાલા (રહે. સૈફી મહોલ્લા કાજીના ધાબા આસ્ટોડીયા ચકલા આસ્ટોડીયા) એ તા.૦૪/૦૭/૨૦૨૩ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૩ સાંજના ૫/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગોમતીપુર હરિભાઇ ગોદાણી સર્કલ પાસે નિરંજનની ચાલી ખાતે આવેલ નુરાની સ્ટીલ વર્કસ નામના કારખાનાના ઉપરના માળના રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી અલગ-અલગ વેરાયટીની બેગ નંગ-૫૨૭ કિમત રૂપિયા ૧,૮૭,૯૩૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્રભાઇ ભીખાભાઇ ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** પુર્વીબહેન વા/ઓ શિવપ્રસાદ ત્રિવેદી (રહે. અવિન ફલેટ પંચદેવ મહાદેવ મંદીરની બાજુમાં કર્મચારીનગર ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૭/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી સાંજના ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની જાળીનુ તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪,૧૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચૌધરી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૨/૨૦૨૩**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** જયેશભાઇ ધજયભાઈ સોલંકી (ઉ.વ.૨૫)(રહે.સ્ટાફ કવાટર્સ સી.એન.વિધ્યાલય આંબાવાડી)તા.૦૫/૦૭/૨૦૨૩ ના કલાક ૦૦/૪૦ વાગ્યાના સુમારે એસ.પી. રીંગ રોડ તાજ હોટલ થી ભાડજ સર્કલ તરફ જતા શીલજ બ્રીજ ચડતા રોડ ઉપર પોતાનુ મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે આઈ-૧૦ ફોરવ્હીલ કાર નંબર જીજે.૨૭.સીએફ.૧૨૧૬ ના ચાલક નંદકિશોરસિંગ બંગાલીસિંગ પરમાર (ઉ.વ.૩૬)(રહે.સેફોની એપાર્ટમેન્ટ ટેલીફોન એક્ષચેંજ પાસે બોપલ) એ કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી જયેશભાઇની મોટર સાયકલને ટકકર મારતા ગંભીર ઇજાઓ થતા જયેશભાઇનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર જયેશભાઇના ભાઇ રાકેશભાઇ સોલંકીએ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઇ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૩/૨૦૨૩**

**બોડકદેવઃ** બોડકદેવ રાજપથ કલબ પાછળ વિનસ પશમીના લેબરના કોલોનીમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરતા અને ત્યા જ રહેતા શ્રવણકુમાર જોગારામ વાના (મુળ વતન. ગામ-પટાલનાડી તા-ગેડા જી-બાડમેર રાજસ્થાન) તા.૦૪/૦૭/૨૦૨૩ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે ૧૫ માં માળે લીફ્ટ (આર.એસ.પી) ચાલતી ના હોય શ્રવણકુમાર લીફ્ટ ચેક કરતા હતા ત્યારે લીફ્ટનો વાયર તુટી જતા શ્રવણકુમાર નીચે પડતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સરદારસિહ શિવુભા ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૪/૨૦૨૩**

**માધવપુરાઃ** મમતાબેન તે કિશનભાઇ વસંતભાઇ ચૌહાણ નાઓની વિધવા પત્ની (ઉ.વ.૩૫) (રહે. મારવાડીની ચાલી શાહપુર દરવાજા બહાર) તા.૦૪/૦૭/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક નજીક લોખંડના તાર ઉપર કપડા સુકવતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી પુષ્પાબહેન ભાવેશભાઇ ચલાવે છે.

**ત્રીજા માળની ગેલેરીમાંથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૫/૨૦૨૩**

**ઓઢવઃ** ઓઢવ જનતાનગર પાસે ઇન્દિરાનગરના સાત માળીયા ખાતે રહેતા રણજીતભાઇ ધનજીભાઇની પાંચ વર્ષની પુત્રી પાયલ તા.૦૩/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૩૦ થી તા.૦૪/૦૭/૨૦૨૩ કલાક ૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંકની ત્રીજા માળની ગેલેરીમાંથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પ્રજાપતી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૬/૨૦૨૩**

**આનંદનગરઃ** પન્નીલાલ દાતીરામ સિંગ (ઉ.વ.૧૯) (રહે. લક્ષ્મી કૃપા સોસાયટી ભગવતીનગર સામે આનંદનગર) એ અગમ્ય કારણસર તા.03/0૭/૨૦૨૩ રાતના ૮/00 વાગ્યાના સુમારે વસ્ત્રાપુર રેલવે ફાટક ખાતે ટ્રેઈનની અડફેટમાં આવી આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જયંતીભાઇ પોપટભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** પવનકુમાર પ્રહલાદરાવ વાનખેડે (ઉ.વ.3૮) (રહે. અમીત રો-હાઉસ રાધેશ્યામ સોસાયટી સામે વિમલપાર્ક ઓઢવ) એ અગમ્ય કારણસર તા.03/0૭/૨૦૨૩ રાતના ૧૦/30 થી ૧૧/00 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.0૪/0૭/૨૦૨૩ કલાક ૨/૪0 વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રેણુકાબહેન ઇશ્વરભાઇ ચલાવે છે.

**નિકોલઃ** દિલીપભાઇ આત્મારામ ભુનાતર (ઉ.વ.૫૫) (રહે. રોહીતવાસ કઠવાડા ગામ તા.દશ્ક્રોઇ જી.અમદાવાદ) એ તા.03/0૭/૨૦૨૩ સવારના ૧૦/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે સંડાસમા પડેલ એસીડ પી લેતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન સાંજના ૭/30 વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જલ્પાબહેન દિપકકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી